તાલુકા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા
સલાહકાર સમિતિની રચના તથા બંધારણ બાબત.

ગુજરાત સરકાર
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નો વિભાગ
ઠરાવ ક્રમાંક: તપસ/૧૦૮૮/૩૦૧૮/ઈ
સચિવાલય,ગાંધીનગર
તારીખ: ૧૭/૬/૨૦૦૦

વંચાણે લીધા :-

૧. અન્ન અને ના.પુ. વિ.ના ઠરાવ ક્ર: તપસ/૧૦૮૮/૩૦૧૮/ઈ
તા: ૧૮/૬/૮૮

૨. અન્ન અને ના.પુ.વિ.ના ઠરાવ ક્ર: તપસ/૧૦૮૮/૩૦૧૮/ઈ
તા: ૨૨/૯/૮૮

૩. અન્ન અને ના.પુ.વિ.ના ઠરાવ ક્ર: તપસ/૧૦૮૮/૩૦૧૮/ઈ
તા: ૮/૯/૯૦

૪. અન્ન અને ના.પુ.વિ.ના ઠરાવ ક્ર: તપસ/૧૦૯૭/૪૯/ઈ
તા:૨૧/૧/૯૭

૫. અન્ન અને ના.પુ. વિ.ના ઠરાવ ક્ર: તપસ/૧૦૯૭/૪૯/ઈ
તા: ૧૪/૯/૯૭.

કલેકટર કચેરી, ગાંધીનગર
શાખાનું નામ..........
19 JUL 2000
ઈનવર્ડ નંબર : ..........
ઈનવર્ડ તારીખ: ..........

ઠરાવ :-

તાલુકા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની રચના સંદર્ભમાં દર્શાવેલ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના તા: ૧૮/૬/૮૮ ના ઠરાવથી કરવામાં આવેલ છે. તેમાં ઘણા સુધારા- વધારા થયેલ હોઈ તે તમામ સુધારા વધારા સાથે નવેસરથી સ્વયંસંપૂર્ણ ઠરાવ બહાર પાડવાની બાબત વિચારણા હેઠળ હતી. ઉપરાંત જિલ્લા તથા શહેર નાગરિક પુરવઠા સમિતિઓની બેઠક દર માસના પ્રથમ શનિવારે બોલાવવા અંગે નિર્ણય થયેલ હોઈ તેજ ધોરણ તાલુકા નાગરિક પુરવઠા સમિતિને પણ લાગુ પાડવામાં આવેલ છે.જેનો સમાવેશ પણ કરવાનો થતો હતો. જે ધ્યાને લઈ ઉપર વંચાણે લીધા ક્ર- (૫) નો ઠરાવ રદ કરવામાં આવેછે. વિચારણાને અંતે આ અંગે વખતો વખત કરવામાં આવેલા ઠરાવો/ પરિપત્રો રદ કરી રાજ્યના દરેક તાલુકા દીઠ એક એક તાલુકા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની, નીચે મુજબ રચના કરવામાં આવે છે. આ સમિતિના બંધારણ, રચના, કાર્યક્ષેત્ર ઈત્યાદી નીચે પ્રમાણે મુકરર કરવામાં આવે છે.

(ક) સમિતિનું નામ :-

આ ઠરાવ અન્વયે રચવામાં આવતી સમિતિને તાલુકા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ કહેવી.

ખ) <u>સમિતિના અધ્યક્ષ :-</u>

સંબંધકર્તા તાલુકાના મામલતદાર આ સમિતિના અધ્યક્ષ તરીકે રહેશે. પરંતુ જે તાલુકાઓમાં પ્રાન્ત અધિકારીઓના મુખ્ય મથકો આવેલા હોય તેવા તાલુકાઓમાં પ્રાન્ત અધિકારી તાલુકા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિના અધ્યક્ષ તરીકે રહેશે.

ગ) <u>બિનસરકારી સભ્યો :-</u>

(૧) તાલુકા પંચાયતના પ્રમુખ અથવા તો પંચાયતે મોકલેલ પ્રતિનિધિ.

(૨) તાલુકામાં આવેલ તમામ નગરપાલિકાઓ અને નગર પંચાયતોના પ્રમુખ અથવા તો તે દરેક નગરપાલિકાઓએ કે નગર પંચાયતોના પ્રમુખ અથવા તો તે દરેક નગરપંચાયતોએ મોકલેલ તેમના પ્રતિનિધિ.

(૩) તાલુકા મુખ્ય મથકના ગ્રામ પંચાયતના પ્રમુખ અથવા તો તે ગ્રામપંચાયતે મોકલેલ પ્રતિનિધિ.

(૪) તાલુકામાંથી ચુંટાયેલ રાજ્યની વિધાનસભાના સર્વે સભ્યો.

(૫) તાલુકામાં આવેલી વ્યાજબી ભાવની દુકાનોના દુકાનદારો પૈકી તાલુકા મામલતદારે પસંદ કરી નીમેલા વ્યાજબી ભાવની દુકાનોના એક પ્રતિનિધિ પરંતુ જે તાલુકાઓની નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિમાં એક કરતાં વધારે પ્રતિનિધિઓને નીમવાની જરુર જણાય ત્યાં વ્યાજબી ભાવની દુકાનોના વધારાના પ્રતિનિધિઓને કો- ઓપ્ટ કરીને સદરહુ સમિતિમાં નિમણુંક આપવાના અધિકાર કલેક્ટરશ્રીને આપવામાં આવે છે.

(૬) તાલુકા હોમગાર્ડના યુનિટ ઓફિસર.

(૭) તાલુકામાંના હરિજન/આદિવાસીઓના એક પ્રતિનિધિ કે જે માટે શક્ય હોય ત્યાં સુધી સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષશ્રીની નિમણુંક કરવાનુ વિચારવું

(૮) તાલુકામાંના માન્ય ગ્રાહક સુરક્ષા મંડળ ન હોય તો ત્યાં સંબંધિત જીલ્લામાં જિલ્લાકક્ષાએ કામ કરતુ માન્ય ગ્રાહક સુરક્ષા મંડળ પોતાની પ્રવૃત્તિનુ ફલક વિશાળ પાયા ઉપર હોય તો તે મંડળના એક પ્રતિનિધિ.

(ઘ) <u>સરકારી સભ્યો :-</u>

(૧) કાનુની માપ વિજ્ઞાન કચેરીના સ્થાનિક અધિકારીશ્રી

(૨) ઔષધ નિયમન તંત્રના સ્થાનિક અધિકારીશ્રી

(૩) મ્યુનિસિપાલીટીના આરોગ્ય અધિકારીશ્રી